# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day MONDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારતનું ઉડ્ડયન ક્ષેત્ર વૈશ્વિક હવાઈ પરિવહન ઉદ્યોગમાં મુખ્ય ભૂમિકા ભજવે છે

2) ભારત અને પેરાગ્વેએ સ્વચ્છ ઊર્જા, ગ્રીન હાઇડ્રોજન અને જૈવ ઇંધણ ક્ષેત્રમાં તેમના સંબંધોને વધુ મજબૂત કરવાનો નિર્ણય લીધો

3) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહે ચોહાણે ખાદ્ય સુરક્ષા અને ખેડૂતોની સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

4) છત્તીસગઢમાં 16 માઓવાદીઓએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું

**5)** ઓસ્ટ્રેલિયાના સ્ટાર ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલે વનડે આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી

.....................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-IATA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારતનું ઉડ્ડયન ક્ષેત્ર વૈશ્વિક હવાઈ પરિવહન ઉદ્યોગમાં મુખ્ય ભૂમિકા ભજવે છે અને આજે તે આત્મવિશ્વાસથી ભરેલું છે. આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે આંતરરાષ્ટ્રીય હવાઈ પરિવહન સંગઠનને -IATAની 81મી વાર્ષિક સામાન્ય સભામાં સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત વૈશ્વિક અવકાશ-ઉડ્ડયન સંકલનમાં અગ્રણી શક્તિ તરીકે ઉભરી રહ્યું છે.

(PM AVIATION TECHNOLOGY)

શ્રી મોદીએ કહ્યું કે ઉડાન યોજનાની સફળતા ભારતીય નાગરિક ઉડ્ડયનમાં એક સુવર્ણ પ્રકરણ છે અને હવે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડ્ડયન બજાર બની ગયું છે. તેમણે ઉમેર્યું હતું કે, ભારત વૈશ્વિક ઉડ્ડયન ઇકોસિસ્ટમમાં માત્ર એક વિશાળ બજાર જ નથી, પરંતુ તે નીતિ નેતૃત્વ, નવીનતા અને સર્વસમાવેશક વિકાસનું પ્રતીક પણ છે.

આ પ્રસંગે નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ જણાવ્યું કે, સરકાર આગામી પાંચ વર્ષમાં દેશમાં વધુ 50 હવાઈ મથકો વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે જણાવ્યું કે, 2014માં દેશમાં હવાઇમથકોની સંખ્યા માત્ર 74 હતી તે હવે વધીને 33 આંતરરાષ્ટ્રીય હવાઇમથકો સહિત 162 થઈ છે.

. . . . . . . . . . . . . . .

# PARAGUAY PRESIDENT VISIT

ભારત અને પેરાગ્વેએ સ્વચ્છ ઊર્જા, ગ્રીન હાઇડ્રોજન અને જૈવ ઇંધણ જેવા ક્ષેત્રોમાં તેમના સંબંધોને વધુ મજબૂત કરવાનો નિર્ણય લીધો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને પેરાગ્વેના રાષ્ટ્રપતિ સેન્ટિયાગો પેના પલાસિયોસ વચ્ચે આજે નવી દિલ્હીમાં પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બંને દેશોએ સાયબર ગુના, સંગઠિત ગુના, માદક દ્રવ્યોની દાણચોરીના જોખમને દૂર કરવા માટે તેમની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ભારત અને પેરાગ્વે આતંકવાદ સામેની લડાઈમાં સાથે મળીને કામ કરી રહ્યા છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, બંને દેશો પાસે ડિજિટલ ટેકનોલોજી, કૃષિ, સંરક્ષણ, રેલવે, અવકાશ સહિત અન્ય ક્ષેત્રોમાં ઘણા સંભવિત માર્ગો છે.

તેમણે કહ્યું હતું કે, પેરાગ્વે દક્ષિણ અમેરિકામાં મૂલ્યવાન ભાગીદાર છે અને બંને દેશો સહિયારા મૂલ્યો દ્વારા જોડાયેલા છે. તેમણે કહ્યું હતું કે, વેપાર જોડાણોને વેગ આપવા માટે અપાર સંભાવનાઓ છે.

(BYTE PM MODI PARAGUAY)

અગાઉ, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર પણ રાષ્ટ્રપતિ પલાસિયોસને મળ્યા હતા. શ્રી પલાસિયોસ ભારતની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે છે. રાષ્ટ્રપતિએ રાજઘાટની મુલાકાત લીધી હતી અને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. તેઓ બુધવારે મુંબઇની મુલાકાત લેશે, જ્યાં તેઓ રાજ્યનાં નેતાઓ તથા વેપાર ઉદ્યોગનાં પ્રતિનિધિઓ સાથે મંત્રણા કરશે.

. . . . . . . . . . . . . . .

# AMIT SHAH- PACS

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં વિશ્વની સૌથી મોટી સહકારી ખાદ્યાન્ન સંગ્રહ યોજનાની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી.

આ બેઠકને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે ખાદ્યાન્ન સંગ્રહ યોજના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સહકાર સે સમૃદ્ધિના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં એક મોટું પગલું છે.

આ બેઠકને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે આ યોજનાનો ઉદ્દેશ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ ની આવકમાં વધારો કરવાનો તેમજ ગ્રામીણ રોજગારીની તકોનું સર્જન કરવાનો છે.

શ્રી શાહે ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ અને ભારતીય ખાદ્ય નિગમને દેશભરમાં વેરહાઉસીસનું રાષ્ટ્રીય સ્તરનું મેપિંગ હાથ ધરવા પણ નિર્દેશ આપ્યો હતો જેથી આ યોજનાનું અમલીકરણ પ્રાદેશિક જરૂરિયાતો અનુસાર સરળતાથી થઈ શકે. કેન્દ્રીય મંત્રીએ FCI, NCCF, NAFED અને રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશનને શક્ય તેટલા વધુ વેરહાઉસ સાથે PACSને જોડવાની સૂચના પણ આપી હતી

. . . . . . . . . . . . . . . .

# PIYUSH GOYAL PARIS

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ પેરિસમાં કેટલાક ટોચના વૈશ્વિક સીઇઓને મળ્યા હતા, જેમણે ઇલેક્ટ્રિક વાહન અને નવીનીકરણીય ઊર્જા જેવા આશાસ્પદ ક્ષેત્રોમાં ભારતીય બજાર માટે ભાવિ રોકાણની શક્યતા ચકાસી હતી.
શ્રી ગોયલ વેપાર અને રોકાણને વેગ આપવાના ઉદ્દેશ સાથે ફ્રાન્સની સત્તાવાર મુલાકાતે છે. આવતી કાલે તેઓ વિશ્વ વેપાર સંગઠનની મંત્રીસ્તરીય બેઠકમાં પણ ભાગ લેશે.

શ્રી ગોયલ ફ્રાન્સની સરકારી ઊર્જા કંપની ઇડીએફના ચેરમેન અને સીઇઓ બર્નાર્ડ ફ્રોન્ટાના અને વૈશ્વિક ઊર્જા કંપની ટોટલ એનર્જીના ચેરમેન અને સીઇઓ પેટ્રિક પોયન્નેને મળ્યા હતા.

વાણિજ્ય મંત્રી વિકાટ, લો'રિએલ, રેનો, એટીઆર જેવી ટોચની ફ્રેન્ચ કંપનીના વૈશ્વિક નેતાઓને પણ મળશે.

ફ્રાન્સની મુલાકાત પૂર્ણ કરીને શ્રી ગોયલ ઇટલી જવા રવાના થશે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# NEET PG POSTPONED

આ મહિનાની 15મી તારીખે યોજાનારી રાષ્ટ્રીય પાત્રતા પ્રવેશ પરીક્ષા NEET પી. જી. 2025 વધુ પરીક્ષા કેન્દ્રો અને જરૂરી માળખાગત સુવિધાઓની વ્યવસ્થા કરવા માટે મુલતવી રાખવામાં આવી છે.

નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ ઇન મેડિકલ સાયન્સ દ્વારા બહાર પાડવામાં આવેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે NEET પી. જી. 2025ના આયોજન માટેની સુધારેલી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

# VIKSIT KRISHI SANKALP ABHIYAN

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર દેશના ખેડૂતોની સમૃદ્ધિ સુનિશ્ચિત કરવાની સાથે સાથે દેશની ખાદ્ય સુરક્ષા માટે પણ પ્રતિબદ્ધ છે.

શ્રી ચૌહાણ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન હેઠળ બિહારનાં મોતિહારીમાં પિપરાકોથ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા.
આ રાષ્ટ્રવ્યાપી અભિયાન તેના પાંચમા દિવસમાં પ્રવેશ્યું છે. કેન્દ્રીય કૃષિ મંત્રીએ જણાવ્યું કે આ અભિયાનનો મુખ્ય ધ્યેય લાભાર્થી ખેડૂતોને વિવિધ યોજનાઓ અને કલ્યાણ કાર્યક્રમોનું ઘરે ઘરે પહોંચાડવાનો છે.

(BYTE **Shivraj Singh ABHIYAN**)

તેમણે જણાવ્યું કે, વિક્સિત કૃષિ સંકલ્પ અભિયાન દરમિયાન કૃષિ વિજ્ઞાનીઓ અને નિષ્ણાંતોની મદદથી લેબ ટુ લેન્ડનાં વિચારનાં અમલીકરણ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

**શ્રી ચૌહાણે જણાવ્યું કે નકલી જંતુનાશકો સામે ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે એક નવો કાયદો લાવવામાં આવશે.**

(BYTE **Shivraj Singh** KITNASHAK)

. . . . . . . . . . . . . . .

# CHHATTISGARH-MAOISTS SURRENDERED

છત્તીસગઢના સુકમા જિલ્લામાં આજે 16 માઓવાદીઓએ પોલીસ અને સીઆરપીએફના અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. તેમાંથી છ માઓવાદીઓ પર 25 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. આ માઓવાદીઓ પર વિવિધ નક્સલવાદી ઘટનાઓમાં સામેલ હોવાનો આરોપ છે.

આત્મસમર્પણ કરનારા માઓવાદીઓને છત્તીસગઢ સરકારની પુનર્વસન નીતિ હેઠળ દરેકને 50 હજાર રૂપિયાનું પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ સાથે તેમને અન્ય સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

# GLENN MAXWELL RETIRES

ઓસ્ટ્રેલિયાના સ્ટાર ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલે આજે વન-ડે આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી. 13 વર્ષની કારકિર્દી દરમિયાન મેક્સવેલ 2015 અને 2023નાં આઇસીસી વર્લ્ડ કપ વિજેતા ઓસ્ટ્રેલિયાની ટીમમાં સામેલ હતા.

તેઓ અંતિમ વન ડે મેચ આ વર્ષનાં પ્રારંભમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત સામે રમ્યા હતા.

સ્ટાર ઓલરાઉન્ડર મેક્સવેલે ઓગસ્ટ 2012માં પદાર્પણ કર્યું હતું, જેમાં તેમણે 149 વન-ડે મેચોમાં 3 હજાર 990 રન બનાવ્યા હતા અને 77 વિકેટ ઝડપી હતી. તેમણે આગામી વર્ષે ભારત અને શ્રીલંકામાં યોજાનારા ટી-20 વર્લ્ડ કપ, સ્થાનિક બિગ બેશ લીગ અને તેની અન્ય વૈશ્વિક પ્રતિબદ્ધતાઓ માટે પોતાની તૈયારીને પ્રાથમિકતા આપવાનો નિર્ણય લીધો હતો.

. . . . . . . . . . . . . . .

# COVID WITH RML DOC'S BYTE

દેશભરમાં કોવિડ-19ના ત્રણ હજાર નવસો સાઇઠ સક્રિય કેસ નોંધાયા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કેરળમાં સૌથી વધુ એક હજાર 435 કેસ નોંધાયા છે, ત્યારબાદ મહારાષ્ટ્રમાં 506 અને દિલ્હીમાં 483 કેસ નોંધાયા છે.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતાં ડૉ. રામ મનોહર લોહિયા હોસ્પિટલના કોવિડ એકમના પ્રભારી ડૉક્ટર પવન કુમારે કહ્યું છે કે કોવિડ દર્દીઓના વ્યવસ્થાપન માટે હોસ્પિટલ સંપૂર્ણ રીતે તૈયાર છે. તેમણે કહ્યું કે હાલમાં હોસ્પિટલમાં નવ બેડનું આઇસોલેશન સેન્ટર છે.

કોવિડનાં નવા વેરિએન્ટને હળવો ગણાવતા ડૉક્ટર પવને લોકોને ખાતરી આપી હતી કે ગભરાવાની કોઈ જરૂર નથી.

. . . . . . . . . . . . . . . .